# સ્મૃતિ

જાણિતું એક હતું દેવળ આદિનાથનું–
માથે ધ્વજા, શિખરકંઠ ઝગંત કુંભ,
સોહે પ્રવેશ; ગૃહદ્વારની બારસાખો
સૌ લોક-દર્શન કરે, વ્રત સાધના ધરે.
એમાંય નિત્ય વરસીતપ આદરે ઘણાં.

ક્યારેક હોઉં પગથાર નજીક, કોક
ખેંચે, છતાં ન જાઉં અંદર... બ્હાર મારું
આંટા : વળી નીરખું મંદિર એકરાગે.
–આવ્યો, પછી પ્રભુ કલ્યાણક જન્મ દા’ડો.
દેરે ગયોઃ દુબળીપાતળી કાય સંગ
ભેટી પડી તું જલદી શિર મૂક્યું કાંધે,
ને ત્યાં જ મૂર્છિત થઈ; - ગઈ સ્વર્ગદ્વારે.

આજે ફરું રગશિયું, સ્મૃતિભાર વાગે;
સ્કંધે હજી રહી તું ઝાકળફૂલ લાગે.

# હવે હું

ઘણું સાથે સાથે હળીમળીય વાતેય વળગી
ફરેલાં-આનંદે પળપળ બધી પી, સમયને
કરી સોના જેવો, અઢળક ઢળી ચાંદની સમાં
થયેલાં બે હૈયાં રખરખ સદા રાખી સતત
હતાં ઊડી રે'તાં... પનઘટ તમે, પાદર અમે.

નદીએ ભીનેરી સુરભીઝર લ્હેરો સહ સરી...
જતાં ક્યાંયે ચાલી પથમય બની ધૂળ-પગલાં
ધીરે રોપી રોપી ચડી લયહિલોળે નયનનાં
હલાવી પાતાળો : રુધિરમહીં ઓગાળી વગડો...
–સમી સાંજે પાછાં નીરખી વળતાં ઢોર, ઊઠતાં
–હવે હું એકાકી તેમ સ્મરણના કંકું-ફણગા
ઉઘાડી આંખોમાં લઈ સમય એ, ક્યાંક ઊડતો...

ભલે મારું લૂ-માં બળવું પણ સ્હેવાતું નથી આ–
બળે છે કૂવો પાદર પથ નદી સીમ સઘળી...

# વતન છોડતાં

જતો છોડી મારું નસીબ હલકું ફૂલ ઘર, ને
છજે ટાંગ્યા કૂંડા પર ઠરીય જોડું ચકલીનું
પીતું પાણી, નીચે લીલવ તુલસી છોડ કુમળો
હલે, એના છાંયે ફરતી ખિસકોલી, વળીવળી
જતાં જોયેલું મેં ઘડીક વલખી બારણું... પછી
જવારાના જેવું ખિલખિલ થયેલું પરીરૂપ.

લઈ છાંયે વૃદ્ધો હળુ લહરતો નીમ ફળિયે,
વળી ધૂળે ડૂબ્યાં શિશુ, ચબૂતરે રોજ ચણતાં
મૂકી પારેવાં, ને મુજ પગ સૂંઘી શ્વાન વળતો...
ત્યજી જાતો મારું પશુધનભર્યું પાદર : વડ
નીચે દેરું, પાસે કૂપમહીંથી ખેંચી જલ વડે
ભરે કન્યા બેડું; વળી લહરતાં ખેતર બધાં.

જતો છોડી શ્હેરે કદી બની હું જાઉં કપટી?
લઈ રાખી છે મેં મુજ વતનની ધૂળ ચપટી!

## અજાણ્યા પ્રદેશમાં - રાત

ઢળ્યું અંધારું ને પથ પર ઘટાટોપ નભની
પડી એવી છાયા તરુવર બન્યાં રાખ-ઢગલા.
ગયાં પંખી ઊડી સહુ ઘડીકમાં ક્યાંક... ટહુકા
ઝિલાઈ ડૂબ્યા કે રુધિરમહીં આંદોલન રહ્યાં...
ચડી ખાલી ખાલી... સ્વપન સમ, સૌ ચૂપ તમરાં,
હતી થાકી પાકી ધરતી ઠરી : ના વાયુ ઊડતો...

હું ચાલુ... જ્યાં ધૂળે પદ પડીપડી શાંત બનતાં
અને મારા શ્વાસે જરીક હલી એકાન્ત વનનું
જતું પાછું પોઢી પડખું બદલી - રાત બધિરા
બળે બે આંખોમાં સતત વળી આ ધુમ્મસ તણી
ભિડાયેલી ભીંતો બિચ સમય ઢૂંઢે દશ દિશા.
–ની સાથે પી લેતો મુજ હૃદયની સૃષ્ટિ હળવે...

બધે છાયી એવી જડ હવડ કાળી નીરવતા,
વળી એમાંથી ક્યાંક અણઘડ ભેંકાર ખરતો...

## અજાણ્યા પ્રદેશમાં - પરોઢ

ગઈ ખૂલી ધોરી નસ સરખી પૂર્વીય ક્ષિતિજ,
જાગી એમાં રાતો સૂરજ રણક્યો, વ્યોમ પરથી
ગયાં કાળાં અભ્રો ખરી, ઘડીકમાં રાત અસૂરી
ગઈ નાઠી ક્યાંયે... નીરવ જગ જાગ્યું વિહંગના
ટહુકે : ખોલી પાંપણ તરુવરો સૌ મઘમઘી
રહ્યાં લ્હેરી, આછો હિમઝર બધે વાયુ વહતો...

પરોઢિયું પ્હેરી ધરતી હસતી - ધૂળ ઊજળી
ઝગે રસ્તાઓમાં; હળુહળુ હવામાન ઊઘડ્યું
છૂટા મૂકીને શ્વાસ હીરકભર્યા ને હલી ઊઠી
ફૂલો સાથે નાચે લીલવ લયમાં ઘાસ નવલું.
દિશાઓ ખોલીને પિયળ મુખ મ્હેકે સુરભિલાં
લઈ સ્વપ્નાં આવ્યો મખમલી ધરી વેશ તડકો.

અહો જાગી ઊઠ્યું રુમઝુમ થતું નૃત્ય વગડે!
અને મારા હૈયે પગરવ ભરી કોક ઊઘડે!

# હું ઘર ને પતંગિયું

ખોલી દઈ બારી પથારીમાં હું
બેઠો - પડેલું લઈ છાપું વાંચું...
મને વળી શું થયું કૈંક પાછું?
લાગ્યો બધો બેઠકખંડ જોવા...

કબાટ, ઘોડા, અભરાઈ ફોટા,
શોકેસ, સોફા-કમ-બેડ, ઍશ-ટ્રે
ટિપોય ને ટેબલસૅટ, રેડિયો,
દીધું સજાવી ઘરમાં ઘણું ઘણું...

—ઓચિંતું
આવ્યું અહીં એક ઊડી પતંગિયું.
બેઠું ન બેઠું ફફડાવી પાંખો...
ઘડીકમાં તો ઘર ઊંચકી બધું
ચાલ્યું ગયું બારી બહાર ક્યાંક...

હું સ્તબ્ધ, માટીઢગ શો ઠરી ગયો
ને ચીસ પાડી સળગી જ ઊઠ્યું (છાપું)...

# હું એકલો

કોઈ ન હોય અડખેપડખે હું એકલો
ચાલુ... મળે લલિત ટેકરીઓનું દૃશ્ય
મ્હેકે... ઢળે નજીક વાદળછાયું આભ,
લ્હેરે બધાં તરુવરો, તરણાં, પતંગિયાં...

પહાડો ગમે, નદી અરણ્યનું લાસ્ય પીરસી
સ્થાપે ગુફામહીં નિશ્ચેષ્ટનું આદિસ્થાન,
ને વાયુ, સ્કંધ પર હાથ દઈય સ્થંભે.
પાડે તળાવ ટહુકો, દ્રુત સ્નાન-ગાન
થાતું રહે... પશુ-મૃગાવતી બીડ ઘાસમાં
છૂપાય, કે વિહંગ ખેતર ખેતરે ભમે...
ચોમાસુ શુક્ર ઝબકે... જળબિંદુ ઝાંય.
ઉલ્કા પડે ધૂળ પરે લિપિતેજ વાંચું.

અંધાર સૃષ્ટિ પર ચીતરું રાતરાણી
પીવું સુગંધ જ્યમ અંતરશ્વાસ, વાણી.

# અજાત કન્યા

તમે તો લાખેણાં જનકજનની શીદ લઈને
દવાખાને પ્હોંચ્યા? કનક કિનખાબી ઉદરના
ગભારે ઉષ્માથી ઊછરતી હતી હું : હરખમાં
કરી સોનોગ્રાફી જનમ નહીં દેવા દીકરીનો!

ટકોરા ઈલેક્ટ્રોનિક મશીનના, ભ્રૂણ ભડથું
થતાં : પાડી ચીસો... અતળ દરિયે, મૌક્તિક સમી–
બની ઉલ્કા આવી નભતળિયું તોડી ભૂતળમાં
પડીને, પૂજાતી રહી વનવતી દેવકુલિકા.

ભલે મારી નાખી, નહીં વસવસો, સૌ તરુવરો
સહી ઉર્જા દેતાં, અહરનિશ તાજાં ફળફૂલ
લઈ સૂંઘી લેજો હળવી હશું, મીઠાશ લળજો,
વળી પ્હાડો આપે ઝરણજળ પી, રોજ સ્મરજો.

કદી બાપુ? મા, જો શિર પર ધરે કંકુટીલડી;
નથી શું એમાં હું, ઝળહળતી લક્ષ્મીની દીવડી?